**બીજી ટેસ્ટ ત્રીજો દિવસ : શ્રીલંકા 265/8, સોનલ દિનુષા 85*, પાસિન્દુ સૂર્યાબંદારા 80, પ્રસિદ્ધ 47/3, સુથાર 83/3**

# દિનુષા, સુર્યાબંદારાની ઈનિંગથી શ્રીલંકાનો સંઘર્ષ

**ભારતના** નવ વિકેટે 503 રન સામે ત્રીજા દિવસના અંતે શ્રીલંકાનો સ્કોર આઠ વિકેટે 265 રન

**ફોલોઓન** ટાળવા માટે શ્રીલંકાને હજુ 39 રનની જરૂર, સોનલ દિનુષા પર તેમનો બધો મદાર



કોલંબો, તા. 25 (પીટીઆઈ) : અહીં રમાઇ રહેલી બીજી ટેસ્ટના આજે વરસાદ અને ખરાબ પ્રકાશથી પ્રભાવિત ત્રીજા દિવસે ભારતીય બોલરોના ઉમદા પ્રદર્શનની વચ્ચે સોનલ દિનુષા અને પાસિન્દુ સુર્યાબંદારાની ઈનિંગની મદદથી શ્રીલંકાએ આઠ વિકેટે 265 રન બનાવ્યા હતા. સ્ટમ્પ સમયે દિનુષા ૮૫ અને લાહિરુ કુમારા આઠ રન બનાવીને ક્રિઝ પર હતા. શ્રીલંકાને ફોલોઓન ટાળવા માટે વધુ 39 રનની જરૂર છે. પાસિન્દુ સુરિયાબંદરાએ પણ શાનદાર ૮૦ રન બનાવ્યા હતા. ભારત વતી પ્રસિદ્ધ કૃષ્ણા અને માનવ સુથારે 3-3 જ્યારે મહંમદ સિરાજ અને રવિન્દ્ર જાડેજાએ 1-1 વિકેટ ઉપાડી હતી.

આજની રમત દરમિયાન ટી બ્રેક સુધીમાં શ્રીલંકા સાત વિકેટે ૨૧૬ રન પર લથડેલુ જોવા મળ્યું હતું પરંતુ દિનુષાએ સતત ત્રીજા સત્રમાં ૫૦ થી વધુ રન બનાવીને ભારતીય બોલરોને મુશ્કેલીમાં મુક્યા હતા. આ ડાબોડી બેટરે નોંધપાત્ર લડાયકતા અને ટેકનિકલ કૌશલ્યનું પ્રદર્શન કર્યું. પ્રસિદ્ધ કૃષ્ણાએ તેની સામે શોર્ટ બોલ અને લેગ-હિટિંગ બોલનો ઉપયોગ કર્યો, જ્યારે માનવ સુથાર, રવિન્દ્ર જાડેજા અને સરાંશ જૈને તેને સ્પિનથી મુશ્કેલીમાં મૂકવાનો પ્રયાસ કર્યો. પરંતુ દિનુષાએ દરેક પડકારનો સામનો દઢતાથી સામનો કર્યો. તેણે કેશરા નુવંથા અને લાહિરુ તરીકે બે લડાયક ભાગીદાર મળ્યા. નુવંથા સાથે, તેણે આઠમી વિકેટ માટે 57 રન ઉમેર્યા. નુવંથાએ 74 બોલનો સામનો કર્યો. ત્યારબાદ દિનુષાએ નવમી વિકેટ માટે લાહિરુ સાથે 35 રનની નોટઆઉટ ભાગીદારી કરી. લાહિરુએ હવે 65 મિનિટમાં 50 બોલનો સામનો કર્યો છે. શ્રીલંકાએ સવારે આઠ રને બે વિકેટના સ્કોરથી રમત ફરી શરૂ કરી અને પહેલા સત્રમાં 122 રન ઉમેર્યા. વરસાદથી વિલંબિત બીજા સત્રમાં તેમણે 86 રન ઉમેર્યા, પણ સાથે ત્રણ વિકેટ ગુમાવી હતી.

| શ્રીલંકા પ્રથમ દાવ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| ઉદારા કો.જયસ્વાલ, બો.પ્રસિદ્ધ | 1 | 6 | 0 | 0 |
| મિશારા કો.જુરેલ બો.પ્રસિદ્ધ | 19 | 25 | 3 | 0 |
| જયસૂર્યા LB બો.સુથાર | 2 | 7 | 0 | 0 |
| સૂર્યાબંદારા બો.જાડેજા | 80 | 133 | 9 | 0 |
| કામિન્દુ કો.જાડેજા બો.પ્રસિદ્ધ | 32 | 58 | 3 | 1 |
| ધનંજય કો.રાહુલ બો.સુથાર | 8 | 14 | 2 | 0 |
| દિનુષા રમતમાં | 85 | 137 | 6 | 2 |
| ડિકવેલા કો.જુરેલ બો.સિરાજ | 0 | 3 | 0 | 0 |
| નુવંતા કો.સારાંશ બો.સુથાર | 18 | 74 | 2 | 1 |
| કુમારા રમતમાં | 8 | 50 | 1 | 0 |

વધારાના 12

કુલ (83.4 ઓવરમાં આઠ વિકેટે)265

**વિકેટપતન :** 1-1, 2-8, 3-35, 4-122, 5-137, 6-171, 7-173, 8-230

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| મહંમદ સિરાજ | 11 | 0 | 33 | 1 |
| પ્રસિદ્ધ કૃષ્ણા | 14 | 1 | 47 | 3 |
| માનવ સુથાર | 21 | 1 | 83 | 3 |
| સારાંશ જૈન | 18 | 5 | 51 | 0 |
| રવિન્દ્ર જાડેજા | 19.4 | 4 | 45 | 1 |

### સરફરાઝે ધનંજય ડી સિલ્વાને સ્લેજિંગ કરતાં કહ્યું : ગભરાતો નહીં, તું કેપ્ટન છે



કોલંબો, તા. 25 : શ્રીલંકા સામેની બીજી ટેસ્ટના ત્રીજા દિવસે સરફરાઝ ખાને ઈજાગ્રસ્ત ઋષભ પંતની જગ્યાએ ભારત માટે અવેજી ફિલ્ડર તરીકે નોંધપાત્ર પ્રભાવ પાડ્યો. મેદાન પર પોતાની જીવંત હાજરી માટે જાણીતા, સરફરાઝ સતત બેટ્સમેન સાથે વાત કરી રહ્યા હતા, અને શ્રીલંકાના કેપ્ટન ધનંજય ડી સિલ્વા અને વિકેટકીપર નિરોશન ડિકવેલા એક પછી એક આઉટ થતાં તેની આ હરકતો ફળદાયી રહી હતી. મેચ દરમિયાન માનવ સુથાર રનઆપ માટે તૈયાર થાય તે પહેલાં જ સરફરાઝ અને ધનંજય વચ્ચે શાબ્દિક આપલે થઇ હતી. ધનંજય બોલરના હાથ પાછળની કોઈ ગતિવિધિને ક્રિઝ પરથી ખસ્યો ત્યારે શોર્ટ લેગ પર રહેલા સરફરાઝે તક ઝડપીને તેની સાથે મજાક કરી. સરફરાઝ સ્ટમ્પ માઇકમાં એવું કહેતા સંભળાયો હતો કે 'ત્યાં કંઈ નથી, ભાઈ. તું ફક્ત સમય બગાડી રહ્યો છે. ગભરા નહીં. તું કેપ્ટન છે. ચાલો ભાઈ.'

# મેકે પીચ માટે ગાવસ્કરનો ICC પર બેવડા માપદંડ અપનાવવાનો આરોપ

**ગુજરાતમિત્રના** કોલમિસ્ટ સુનિલ ગાવસ્કરે ઓસ્ટ્રેલિયા-બાંગ્લાદેશ ટેસ્ટ માટેની મેકે પિચની આકરી ટીકા કરી

**ગાવસ્કરે** પોતાની કોલમમાં લખ્યું કે જો ભારતમાં આવું થયું હોત તો બીસીસીઆઇ પર ટીકાઓનો મારો થયો હોત

નવી દિલ્હી, તા. 25 : ભારતીય દિગ્ગજ ક્રિકેટર અને ગુજરાતમિત્રના કોલમિસ્ટ સુનીલ ગાવસ્કરે ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ બાંગ્લાદેશ બીજી ટેસ્ટ માટે ઉપયોગમાં લેવાતી મેકે પિચની ટીકા કરતાં કહ્યું હતું કે જો ભારતમાં મેચ ફક્ત બે દિવસમાં સમાપ્ત થઈ જાય તો તેમનો દંભ ખુલ્લો પડી જાય છે. બે દિવસમાં જ પૂર્ણ થયેલી આ ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાએ બાંગ્લાદેશને એક ઈનિંગ્સ અને 51 રનથી હરાવ્યું હતું. જે રમતના ઈતિહાસમાં ચોથી સૌથી ટૂંકી ટેસ્ટ મેચ હતી અને તેમાં ફક્ત 750 બોલ ફેંકાયા હતા.

સ્પોર્ટસ્ટારમાં લખેલી તેમની કોલમમાં, ગાવસ્કરે ભારતીય અને ઓસ્ટ્રેલિયન પિચનું વિશ્લેષણ કરતી વખતે ICC પર બેવડા ધોરણો અપનાવવાનો આરોપ મૂક્યો હતો. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે હવે જ્યારે પિચ અંગે આઈસીસી દ્વારા કોઈ તપાસ કરવામાં આવશે ત્યારે તેમાં પિચ સિવાયનું બધું જ તપાસ હેઠળ આવશે. તેમણે લખ્યું હતું કે ઓસ્ટ્રેલિયામાં બીજી ટેસ્ટ મેચ બે દિવસમાં પૂરી થઈ ગઈ. છેલ્લા કેટલાક વર્ષોમાં ત્યાં આવું ચાર વખત બન્યું છે. અને આવા પરિણામો આપતી ટ્રેમ્પોલિન-બાઉન્સ પિચોની આપણે હજુ સુધી કોઈ ટીકા સાંભળી નથી. હવે તે અંગેના બહાનાઓ ઝડપથી આવશે. તેમણે સંભવિત બહાનાઓ અંગે લખ્યું હતું કે હવામાનની આગાહી પર ચાલીને પીચ પર થોડું વધારે ઘાસ છોડાયું અને તેનાથી વધારાનો બાઉન્સ મળ્યો. અથવા બીજું ક્રિકેટ બહાનું કે બેટ્સમેન પાસે ઉછાળાનો સામનો કરવાની ટેકનિક નહોતી અને તે પિચનો દોષ નહોતો.

ગાવસ્કરે કહ્યું કે જો મેકે પિચ માટે કોઈ પ્રતિકૂળ રેટિંગ ન હોય તો તે આશ્ચર્યજનક નથી, પરંતુ જો ભારતમાં પણ આવું જ બન્યું હોત, તો ભારતીય ક્રિકેટ, બીસીસીઆઈ અને ભારતીય ક્યુરેટરો પર ટીકાઓનો મારો થયો હોત.

# એશિયાડમાંથી ટેનિસ ખેલાડીઓની બાકાતી મામલે AITA-SAIની વાતમાં વિરોધાભાષ

**એશિયાડમાંથી** બહાર પાંચ ટેનિસ ખેલાડીઓ AITAની ભલામણોનો ભાગ ન હોવાનું SAI સુત્રોએ કહ્યું

**AITAએ** મીડિયા અહેવાલ ફગાવી કહ્યું કે ટેનિસ ખેલાડીઓની ઔપચારિક ભલામણ કરવામાં આવી હતી

નવી દિલ્હી, તા. 25 (પીટીઆઈ) : ઓલ ઈન્ડિયા ટેનિસ એસોસિએશન (એઆઈટીએ) દ્વારા ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશન (આઈઓએ)ને મોકલવામાં આવેલી લાંબી યાદીમાં ભારતની એશિયન ગેમ્સ ટેનિસ ટીમમાંથી બહાર કરાયેલા પાંચ ખેલાડીઓના નામનો સમાવેશ કરવામાં આવ્યો ન હોવાનું સાઇ સૂત્રોને ટાંકતા એક અહેવાલમાં કહેવાયું હતુ, જેની સામે એઆઈટીએ દ્વારા આ મીડિયા અહેવાલોને ફગાવી દેવાયા છે.

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (સાઇ)ના એક સૂત્રએ મંગળવારે જણાવ્યું હતું કે તેમને ટીમમાં સ્થાન અપાયું નથી કારણ કે તેઓ નિર્ધારિત આંતરરાષ્ટ્રીય રેન્કિંગ માપદંડોને પૂર્ણ કરતા નથી. માનસ ધામણે (પુરુષ સિંગલ્સ), વૈષ્ણવી અડકર (મહિલા સિંગલ્સ), સહજા યમલાપલ્લી (મહિલા સિંગલ્સ), વૈદેહી ચૌધરી (મહિલા ડબલ્સ) અને પ્રાર્થના થોમ્બરે (મહિલા ડબલ્સ) સાત સભ્યોની ભારતીય ટેનિસ ટીમમાં સ્થાન મેળવી શક્યા નહીં કારણ કે તેઓ ખંડીય રેન્કિંગમાં ટોચના આઠમાં સ્થાન મેળવવાના માપદંડોને પૂર્ણ કરતા ન હતા. સૂત્રએ પીટીઆઈને જણાવ્યું હતું કે રમત મંત્રાલયને આઈઓએ દ્વારા શેર કરવામાં આવેલી અંતિમ યાદીમાં તેમના નામ મળ્યા નથી. હકીકતમાં, તેમના નામ એઆઈટીએ દ્વારા આઈઓએને મોકલવામાં આવેલી લાંબી યાદીમાં પણ નહોતા.

દરમિયાન ઓલ ઈન્ડિયા ટેનિસ એસોસિએશન (એઆઈટીએ)એ આ મીડિયા રિપોર્ટને સખત રીતે નકારી કાઢીને ભારપૂર્વક જણાવ્યું છે કે તેમણે ઔપચારિક રીતે ભારતીય ઓલિમ્પિક એસોસિએશન (આઈઓએ)ને પોતાનો અભિપ્રાય આપ્યો છે. મંગળવારે જાહેર કરાયેલા એક નિવેદનમાં, એઆઈટીએએ જણાવ્યું હતું કે તેણે ત્રીજી જુલાઈએ આઈઓએના સીઈઓ રઘુરામ ઐયરને પત્ર લખીને માનસ ધામણે, અંકિતા રૈના, સહજા યમલાપલ્લી, વૈદેહી ચૌધરી, વૈષ્ણવી અડકર અને પ્રાર્થના થોમ્બરેને બાકાત રાખવાની તાત્કાલિક સમીક્ષા કરવાની માગ કરી હતી.

# સંજય બાંગરની પુત્રી અનાયા બાંગરને ક્રિકેટ ઓસ્ટ્રેલિયા દ્વારા રમવાની મંજૂરી

**ઓસ્ટ્રેલિયામાં** કમ્યુનિટી પ્રીમિયર મહિલા ક્રિકેટ રમવા માટે ક્રિકેટ ઓસ્ટ્રેલિયા દ્વારા સત્તાવાર મંજૂરી અપાઇ

**જો અનાયા** ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના ટેસ્ટોસ્ટેરોનના નિર્ધારિત માપદંડ પૂર્ણ કરશે તો મહિલા ક્રિકેટમાં તેની વાપસી થશે



નવી દિલ્હી, તા. 25 : માજી ભારતીય ઓલરાઉન્ડર અને ભારતીય ક્રિકેટ ટીમના માજી બેટિંગ કોચ સંજય બાંગરની પુત્રી અનાયા બાંગરેની કેરિયરે એક મોટો સકારાત્મક વળાંક લીધો છે. જેન્ડર ચેન્જ સર્જરી કરાવ્યા પછી, 25 વર્ષીય ટ્રાન્સ એથ્લીટ અનાયાને ક્રિકેટ ઓસ્ટ્રેલિયા (CA) દ્વારા ઓસ્ટ્રેલિયામાં કમ્યુનિટી પ્રીમિયર મહિલા ક્રિકેટ રમવા માટે સત્તાવાર રીતે મંજૂરી આપવામાં આવી છે. આ નિર્ણય સાથે, અનાયાનો મહિલા ક્રિકેટમાં પાછા ફરવાનો માર્ગ સ્પષ્ટ થઈ ગયો છે.

ક્રિકેટ ઓસ્ટ્રેલિયાની ટ્રાન્સજેન્ડર અને જેન્ડર ડાયવર્સ પ્લેયર્સ ઈન એલીટ ક્રિકેટ નીતિ અનુસાર, એલિટ અથવા પ્રોફેશનલ સ્તરે મહિલા ક્રિકેટ રમવા માટે ખેલાડીનું ટેસ્ટોસ્ટેરોન સ્તર સતત 12 મહિના સુધી પ્રતિ લિટર 10 નેનોમોલથી નીચે હોવું આવશ્યક છે. બોર્ડના ઈન્ટિગ્રિટી ડિપાર્ટમેન્ટના વડા જેકી પાર્ટ્રીજે અનાયાને લખેલા પત્રમાં સ્પષ્ટતા કરી છે કે તે માર્ચ 2027 સુધી ઓસ્ટ્રેલિયાના કોઈપણ રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશમાં કમ્યુનિટી અને પ્રીમિયર ક્રિકેટ રમી શકે છે. આ સ્તર એલિટ ક્રિકેટના દાયરામાં આવતા નથી. વધુમાં, જો તે માર્ચ 2027 પછી એલિટ મહિલા ક્રિકેટ રમવા માંગે છે, તો તેણે ટેસ્ટોસ્ટેરોનના નિર્ધારિત ધોરણોને પૂર્ણ કરતી હોવાનું સાબિત કરવા માટે બ્લડ ટેસ્ટ રિપોર્ટ સબમિટ કરવો પડશે.

પુરુષ તરીકે અગાઉ મુંબઇ વતી વય-જૂથ ક્રિકેટ રમનાર અનાયાએ ક્રિકેટ ઓસ્ટ્રેલિયાની પ્રશંસા કરતા કહ્યું કે આ મારા માટે એક મોટો દિવસ છે, ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ મને એક નવી તક આપી છે.

## પ્રભાત જયસૂર્યાને ઠપકો આપી એક ડિમેરિટ પોઇન્ટ અપાયો

દુબઈ, તા. 25 : શ્રીલંકાના સ્પિનર પ્રભાત જયસૂર્યાને મંગળવારે કોલંબોમાં ભારત સામેની બીજી ટેસ્ટના બીજા દિવસે આઈસીસી આચારસંહિતાનો ભંગ કરવા બદલ ઠપકો આપવામાં આવ્યો હતો અને તેને ડિમેરિટ પોઈન્ટ આપવામાં આવ્યો હતો. આઇસીસીએ જણાવ્યું હતું કે જયસૂર્યાએ ખેલાડીઓ અને ખેલાડી સહાયક કર્મચારીઓ માટે આચારસંહિતાની કલમ 2.2નું ઉલ્લંઘન કર્યું હોવાનું જણાયું છે, જે ઇન્ટરનેશનલ મેચ દરમિયાન ક્રિકેટ સાધનો અથવા કપડાંને નુકસાન પહોંચાડવા સંબંધિત છે.

## કોમનવેલ્થ ક્યૂ ગેમ્સ ચેમ્પિયનશિપની અમદાવાદ યજમાની કરશે

બેંગલુરુ, તા. 25 : અમદાવાદના સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે 7 થી 10 ઓક્ટોબર દરમિયાન કોમનવેલ્થ ક્યૂ ગેમ્સ (બિલિયર્ડ્સ, સ્નૂકર, હેબોલ, બ્લેકબોલ) ચેમ્પિયનશિપનું આયોજન થશે. બિલિયર્ડ્સ અને સ્નૂકર ફેડરેશન ઓફ ઈન્ડિયા (BSFI) એ મંગળવારે એક પ્રકાશનમાં જણાવ્યું હતું કે ચાર દિવસીય સ્પર્ધામાં લગભગ 46 દેશોના ખેલાડીઓ ભાગ લેશે. પુરુષો અને મહિલાઓની સ્પર્ધાઓ બિલિયર્ડ્સ, સ્નૂકર, હેબોલ, 10-બોલ પૂલ અને બ્લેકબોલમાં યોજાશે. ચાર ઇવેન્ટ્સમાં દરેક કેટેગરીમાં 16 ખેલાડીઓ ભાગ લેશે, જ્યારે બિલિયર્ડ્સ, જે આ વર્ષે કાર્યક્રમમાં સામેલ છે, તેમાં દરેક કેટેગરીમાં આઠ ખેલાડીઓનો ડ્રો થશે.

## GCT ગ્રાન્ડ ચેસમાં કેમરને હરાવી પ્રજ્ઞાનંદા ફાઇનલમાં

સેન્ટ લુઇસ, તા. 25 (પીટીઆઈ) : ભારતીય ગ્રાન્ડમાસ્ટર આર. પ્રજ્ઞાનંદાએ અહીં જર્મનીના વિન્સેન્ટ કેમર સામે 19-9થી શાનદાર જીત મેળવીને ગ્રાન્ડ ચેસ ટૂરના અંતિમ તબક્કાની ફાઇનલમાં પ્રવેશ કરી લીધો છે. પ્રજ્ઞાનંદા હવે ટૂર્નામેન્ટની ફાઇનલમાં પૂર્વ-સ્પર્ધાના ફેવરિટ અને ડિફેન્ડિંગ ચેમ્પિયન અમેરિકાના ફેબિયાનો કરુઆના સામે ટકરાશે. બીજી ક્લાસિકલ ગેમ જીત્યા પછી, ભારતીય ખેલાડી પાસે અંતિમ દિવસે છ પોઇન્ટની વિશાળ સરસાઈ હતી.

## પ્રજ્ઞાનંદા, વૈશાલી અને એરિગેસી ટોટલ ચેસ ટૂર્નામેન્ટમાં સામેલ

બુડાપેસ્ટ, તા. 25 : 10 થી 21 નવેમ્બર દરમિયાન અહીં યોજાનારી પ્રથમ ટોટલ ચેસ વર્લ્ડ ચેમ્પિયનશિપ ટૂર પાયલોટ ઇવેન્ટ માટે જાહેર કરાયેલા ટોચના ખેલાડીઓની યાદીમાં ત્રણ ભારતીય ખેલાડીઓ આર પ્રજ્ઞાનંદા, આર વૈશાલી અને અર્જુન એરિગેસીનો સમાવેશ કરવામાં આવ્યો છે. મેગ્નસ કાર્લસન અને ફેબિયાનો કારુઆના પણ આ સ્પર્ધામાં ભાગ લેશે. આ સિવાય વિન્સેન્ટ કીમર, વેસ્લી સો, અનિશ ગિરી, નોડિરબેક અબ્દુસત્તોરોવ, અલીરેઝા ફિરોઝા, જાન ક્રિઝિઝટોફ ડુડા, રિચાર્ડ રેપોર્ટ, હેન્સ મોકે સામેલ છે.

# અનુકુલના પંજાથી નોર્થ-ઈસ્ટ ઝોનને હરાવી ઈસ્ટ ઝોન સેમી ફાઈનલમાં

**મેચમાં** શાનદાર ઓલરાઉન્ડ પ્રદર્શન કરનાર શાહબાઝ અહેમદ પ્લેયર ઓફ ધ મેચ જાહેર

બેંગલુરુ, તા. 25 : ડાબોડી સ્પિનર અનુકુલ રોયની પાંચ વિકેટની સાથે વૈભવ સૂર્યવંશીની બે વિકેટની મદદથી ઈસ્ટ ઝોને નોર્થ-ઈસ્ટ ઝોનને એક ઈનિંગ્સ અને 210 રનથી હરાવીને મંગળવારે અહીં દુલીપ ટ્રોફી ક્રિકેટ ટુર્નામેન્ટની સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. આ મેચમાં શાનદાર ઓલરાઉન્ડ પ્રદર્શન કરનાર શાહબાઝ અહેમદને ૧૬૭ રન બનાવવા અને ચાર વિકેટ લેવા બદલ પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો છે.

દુલીપ ટ્રોફીની આ મેચ અઢી દિવસમાં જ સમાપ્ત થઈ ગઈ. ઈસ્ટ ઝોને પ્રથમ ઈનિંગમાં 467 રન બનાવ્યા હતા, અને તેના જવાબમાં, નોર્થ-ઈસ્ટ ઝોનની ટીમ પ્રથમ ઈનિંગમાં ફક્ત 111 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ફોલોઓન પછી તેમનો બીજો દાવ 146 રનમાં સમેટાયો હતો. ત્રીજા દિવસે બીજા દાવમાં મેચ ફક્ત 50 ઓવરમાં જ સમાપ્ત થઈ ગઈ. કેપ્ટન ઈશાન કિશનની શાનદાર વિકેટકીપિંગ પણ ત્રીજા દિવસે એક હાઈલાઈટ રહી, જેમાં બે સ્ટમ્પિંગ અને ત્રણ કેચ સહિત પાંચ આઉટ કર્યા હતા.

### બેટિંગમાં ફેલ વૈભવ સૂર્યવંશીએ બોલિંગમાં એક જ ઓવરમાં બે વિકેટ લીધી



બેંગલુરુ તા. 25 : દુલીપ ટ્રોફીમાં ઇસ્ટ ઝોન અને નોર્થ ઝોન વચ્ચેની મેચમાં ઇસ્ટ ઝોન વતી રમનાર 15 વર્ષિય વૈભવ સૂર્યવંશી બેટિંગમાં સંપૂર્ણ ફેલ રહ્યા પછી બોલિંગમાં ઝળક્યો છે અને તેણે પોતાની એક જ ઓવરમાં બે વિકેટ ખેરવી હતી. આ મેચમાં વૈભવે 28મી ઓવરના બીજા બોલ પર કિશન લિંગદોહને અને પછી તે જ ઓવરના પાંચમા બોલ પર ઇમ્લીવતી લેમતુરને આઉટ કર્યો. કિશન લિંગદોહ 25 રન બનાવીને આઉટ થયો, જ્યારે ઇમ્લીવતી 4 રન બનાવીને આઉટ થયો. આ પહેલી વાર નથી જ્યારે વૈભવ સૂર્યવંશીએ કોઈ મેચમાં બોલિંગ કરી હોય. અંડર-19 મેચોથી લઈને ડોમેસ્ટિક ક્રિકેટ સુધી તે પહેલા પણ અનેક વખત બોલિંગ કરી ચૂક્યો છે. બીસીસીઆઇ ડોમેસ્ટિકે પણ આ ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો છે.

# મુશીર-ગાયકવાડની અડધી સદી છતાં નોર્થ ઝોનની મેચ પર પકડ

બેંગલુરુ, તા. 25 : મુશીર ખાન અને ઋતુરાજ ગાયકવાડે શાનદાર અડધી સદી ફટકારીને મંગળવારે અહીં દુલીપ ટ્રોફી ક્વાર્ટર ફાઈનલમાં વેસ્ટ ઝોનને મજબૂત સ્થિતિમાં પહોંચાડ્યા પછી નોર્થ ઝોને ત્રીજા દિવસે ઝડપી વિકેટો લઈને વાપસી કરી હતી. જીતવા માટે 287 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી વેસ્ટ ઝોનની ટીમ બીજા દાવમાં ત્રણ વિકેટે 195 રન પર આરામથી આગળ વધી રહી હતી ત્યારે કેપ્ટન ગાયકવાડ 66 રન બનાવીને અને મુશીર 96 રને આઉટ થયો હતો. દિવસની રમતના અંતે, ઉર્વિલ પટેલ 17 રને ક્રિઝ પર બતો અને વેસ્ટ ઝોનનો સ્કોર સાત વિકેટે 220 રન હતો. તેમને જીતવા માટે વધુ 67 રનની જરૂર છે.

# WTCની રેસમાં ભારત થોડું પાછળ, ન્યૂઝીલેન્ડ પ્રવાસ મુશ્કેલ હશે : દ્રવિડ

**ભારતીય** ટીમ પાસે જે પ્રકારની ગુણવત્તા છે તેને જોતા તેને કોઈ પણ તબક્કે રેસમાંથી બહાર ન ગણી શકાય



મુંબઈ, તા. 25 (પીટીઆઇ) : ભારતીય ટીમના માજી મુખ્ય કોચ રાહુલ દ્રવિડનું કહેવું છે કે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC)ની ફાઈનલમાં પહોંચવાની રેસમાં ભારત થોડું પાછળ પડી ગયું છે. શ્રીલંકા સામે હાલમાં ટીમનું પ્રદર્શન પ્રોત્સાહક છે, છતાં પણ આગામી સીરિઝમાં ન્યૂઝીલેન્ડને માત આપવી ભારત માટે આસાન નહીં હોય. પોઈન્ટ્સ ટેબલમાં હાલમાં પાંચમા સ્થાને રહેલી અને બે વાર ફાઈનલમાં પહોંચેલી ભારતીય ટીમ માટે WTC 2025-2027ની બાકીની મોટાભાગની મેચો જીતીને ઉપર આવવું એક કઠિન સંગ્રામ છે. બાંગ્લાદેશ પાછળ પાંચમા ક્રમે રહેલું ભારત ન્યૂઝીલેન્ડમાં બે ટેસ્ટ મેચ રમશે અને ત્યારબાદ જાન્યુઆરી 2027 થી ઘરઆંગણે ઓસ્ટ્રેલિયા સામે પાંચ ટેસ્ટ મેચની સીરિઝ રમશે. આ ઉપરાંત ભારત કીવી ટીમ સામે પાંચ વન-ડે અને પાંચ ટી-20 ઈન્ટરનેશનલ મેચો પણ રમશે.

ભારત અહીંથી ફાઈનલમાં પ્રવેશ કરી શકશે કે કેમ તે અંગે પૂછાતા 'જિયોસ્ટાર' સાથેની વાતચીતમાં યુરોપિયન ટી-20 પ્રીમિયર લીગ (ETPL) ના ટીમ માલિક દ્રવિડે કહ્યું, મને આશા છે કે તેઓ ફાઈનલમાં પહોંચશે. જો ભારત અહીંથી WTC ફાઈનલ માટે ક્વોલિફાય કરી લે છે તો તે એક ઉત્તમ પ્રદર્શન ગણાશે. દ્રવિડે કહ્યું કે તેઓ થોડા પાછળ જરૂર પડ્યા છે, પરંતુ ભારતીય ટીમ પાસે જે પ્રકારની ગુણવત્તા છે તેને જોતા તમે તેમને કોઈ પણ તબક્કે રેસમાંથી બહાર ન ગણી શકો. તેમણે શ્રીલંકા સામે સારી શરૂઆત કરી છે, જે એક સારું પ્રથમ પગલું છે.

# યુએસ ઓપન મિક્સ્ડ ડબલ્સ : સબાલેન્કા-જોકોવિચની જોડી હારી

**સિનિયાકોવા**-પેટનની જોડીએ સબાલેન્કા-જોકોવિચને હરાવ્યા, સ્વિતોલિના-મોનફિલ્સ અને મુચોવા-મેન્સિકની જોડીએ પોતપોતાની હરીફ જોડીને હરાવી



ન્યૂયોર્ક, તા. 25 (AP) : આર્યના સાબાલેન્કા અને નોવાક જોકોવિચ આજથી અહીં શરૂ થયેલી યુએસ ઓપન મિક્સ્ડ ડબલ્સની શરૂઆતની તેમની પહેલી મેચમાં જ બે ટોચના ડબલ્સ ખેલાડીઓ સામે ઝીંક ઝીલી ન શકતા હાર્યા હતા.

મંગળવારે મિક્સ્ડ ડબલ્સ ટુર્નામેન્ટના પ્રથમ રાઉન્ડમાં સાબાલેન્કા અને જોકોવિચે શાનદાર શરૂઆત કરી હતી, પરંતુ તેઓ તેને જાળવી શક્યા ન હતા. તેઓ કેટરિના સિનિયાકોવા અને હેનરી પેટન સામે 1-4, 4-2 (10-2) થી હારી ગયા હતા. મહિલા ડબલ્સમાં નંબર વન રેન્કિંગ ધરાવતી સિનિયાકોવાએ જોકોવિચ સામે સર્વિસ કરતી વખતે એસ મારીને મેચ પૂરી કરી હતી. 10 લાખ ડોલરનું ઈનામ ધરાવતી આ 16 ટીમોની આ ઈવેન્ટમાં સેરેના વિલિયમ્સ અને કાર્લોસ અલ્કારાઝ પણ પ્રથમ રાઉન્ડમાં રમતા જોવા મળશે. સ્વિટોલિના અને મોનફિલ્સે એલેક્સ એલા અને ફેલિક્સ ઓગર-અલિયાસિમ ને 4-1, 4-1થી હરાવ્યા. આ ઉપરાંત, કેરોલિના મુચોવા અને યાકુબ મેન્સિકે ક્રિસ્ટિના મ્લાડેનોવિક અને માર્સેલો અરેવાલોને 4-1, 2-4 (10-7)થી હરાવ્યા.

# પ્રીમિયર લીગમાં ચેલ્સીએ ફુલહામને સીરી-એમાં રોમાએ ફિયોરેન્ટીનાને હરાવ્યું

**પ્રિમિયર** લીગમાં રોજર્સે ચેલ્સી માટે ડેબ્યુ મેચમાં ગોલ કર્યો, સીરી-એમાં રોમા મોખરે, લા લીગામાં બંને મેચ ડ્રો



લંડન, તા. 25 : ડોનયેલ માલેનની હેટ્રિકના જોરે રોમાએ ફિયોરેન્ટીના સામે 4-0થી ભવ્ય જીત મેળવી સીરી એ સીઝનની ધમાકેદાર શરૂઆત કરી છે, જ્યારે સોમવારે ચેલ્સીએ નવા કોચ ઝાબી અલોન્સોના માર્ગદર્શન હેઠળ પ્રીમિયર લીગમાં ઉત્કૃષ્ટ શરૂઆત કરી હતી. ચેલ્સીએ ક્લબના રેકોર્ડ સાઈનિંગ મોર્ગન રોજર્સના ગોલની મદદથી ફુલહામને 3-2થી હરાવ્યું હતું. બીજી તરફ, લા લીગાની બંને મેચો ડ્રો રહી હતી; મલાગા અને ડેપોર્ટિવો એ કોરુના વચ્ચેની મેચ 1-1થી ટાઈ રહી હતી, જ્યારે લેવાન્ટે અને ઓસાસુના વચ્ચેની મેચ 0-0થી બરાબરી પર પૂરી થઈ હતી.

માલેને પાઓલો ડીબાલાના ત્રણ પાસને 27મી, 52મી અને 60મી મિનિટે ગોલમાં ફેરવીને હેટ્રિક પૂરી કરી હતી. આ સાથે રોમા સીરી એ ના પ્રથમ વીકેન્ડ બાદ પૂરા પોઈન્ટ્સ મેળવનારી નવ ક્લબમાંથી એક બની ગઈ છે. બીજી તરફ, લાઝિયોએ બોલોન્યા સામે 1-0થી જીત મેળવી હતી. એક રોમાંચક લંડન ડર્બીમાં, બ્રાઝિલના જોઆઓ પેડ્રોએ મેચની માત્ર 32મી સેકન્ડે ચેલ્સીને સરસાઈ અપાવી હતી, પરંતુ જોશ કિંગે પ્રથમ હાફના મધ્યમાં ફુલહામ માટે ગોલ કરીને બરાબરી કરી હતી. હાફ ટાઈમની ચાર મિનિટ પહેલાં રોજર્સે ચેલ્સીની લીડ પાછી અપાવી અને પ્રભાવશાળી કોલ પામરે બીજા હાફની ચોથી મિનિટે સ્કોર 3-1 કરી દીધો હતો. સ્પેનિશ લીગમાં ઓસાસુના અને લેવાન્ટે તેમજ ડેપોર્ટિવા-મલાગા એમ બંને મેચ ડ્રો રહી હતી.

# માજી વર્લ્ડ સ્નૂકર ચેમ્પિયન ગ્રેહામ ડોટ બાળકોના જાતિય શોષણ કેસમાં દોષિત

**કોર્ટ** દ્વારા 29 સપ્ટેમ્બરે સજાની જાહેરાત થાય ત્યાં સુધી ડોટને કસ્ટડીમાં રાખવાનો આદેશ



લંડન, તા. 25 (એપી) : સ્કોટલેન્ડમાં 1990ના દાયકામાં અને 2000ના દાયકાની શરૂઆતમાં પ્રાથમિક શાળાના બે બાળકોનું જાતીય શોષણ કરવાના કેસમાં સોમવારે માજી વર્લ્ડ સ્નૂકર ચેમ્પિયન ગ્રેહામ ડોટને દોષિત ઠેરવવામાં આવ્યો હતો.

ગ્લાસગોની હાઈકોર્ટમાં પાંચ દિવસ ચાલેલી સુનાવણી બાદ 49 વર્ષીય ડોટને 1993-96 દરમિયાન એક સગીરા અને 2006-10 દરમિયાન એક સગીર બાળકનું શોષણ કરવા બદલ દોષિત ગણવામાં આવ્યા હતા. જજે 29 સપ્ટેમ્બરે સજાની જાહેરાત થાય ત્યાં સુધી ડોટને કસ્ટડીમાં રાખવાનો આદેશ આપ્યો હતો. હાલ 40 વર્ષની થયેલી પીડિતાએ સાક્ષી આપતા જણાવ્યું હતું કે ડોટે અનેક પ્રસંગોએ તેનું જાતીય શોષણ કર્યું હતું, જેમાં તેના કપડાં ઉપરથી અયોગ્ય સ્પર્શ કરવો, ખુલ્લામાં પોતાના અંગો પ્રદર્શિત કરવા અને પોતાના ગુપ્તાંગ સહિત શરીરના ભાગો વડે તેને સ્પર્શ કરવો સામેલ હતો.